# સાબરકાંઠાના પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નો અંગે વિધાનસભાને ઘેરાવો કરાશે

## ૩૦૦થી વધુ શિક્ષકો કાર્યક્રમમાં જોડાવાની શક્યતા

હિંમતનગર, તા. ૨૦

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષકોના વણઉકેલ્યા પ્રશ્નો અંગે ઉપેક્ષા સેવાઈ રહી છે. ત્યારે શિક્ષકો સંઘ દ્વારા અવારનવાર વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હોવા છતાં તેમના પ્રશ્નોનું નિરાકરણ આવતુ નથી. જેને લઈને રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ તા. ૨૨ ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે વિધાનસભાનો ઘેરાવો કરવાનું નક્કી કરાયું છે. જેમાં સાબરકાંઠાના ૩૦૦થી વધુ શિક્ષકો માસસીએલ મુકીને ગાંધીનગર જઈ કાર્યક્રમમાં ભાગ લેશે.

આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સંજય પટેલ અને ભોગીલાલ પટેલે એક યાદીમાં જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૭થી સળંગ સિનીયોરીટી તેમજ અન્ય પ્રશ્નો અંગે સંઘ દ્વારા તમામ જિલ્લાઓમાં કાર્યક્રમો યોજીને જિલ્લાકક્ષાએ તથા ધારાસભ્ય અને સંસદ સભ્યને વાકેફ કરાવ્યા છે. તેમ છતાં તેમનું કોઈ સાંભળતુ ન હોવાની લાગણી ઉદ્‌ભવી છે.

દરમ્યાન પ્રાથમિક શિક્ષકોએ ગત તા. ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છતાં તેમના પ્રશ્નો અંગે સરકાર તરફથી હકારાત્મક કાર્યવાહી કરાઈ નથી. જેને લઈને રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આદેશ મુજબ તા. ૨૨ ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં આવેલ વિધાનસભાનો ઘેરાવો કરવાનું નક્કી કરાયું છે.

જેમાં સાબરકાંઠાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તાલુકા સંઘ વતી કારોબારી સભ્યો મળી ૩૦૦થી વધુ શિક્ષકો જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી માસસીએલ મુકી ગાંધીનગર જઈ રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ આયોજીત કાર્યક્રમમાં ભાગ લેશે.

## ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાનો શુભારંભ

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલયમાં ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાનું પ્રથમવાર કેન્દ્ર મળેલ છે.વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાના શુભારંભ નિમિત્તે પરીક્ષાર્થીઓને જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિર વિદ્યાલય આચાર્ય રમણભાઈ પટેલ, ધનવંતરી સ્કુલના મનિષભાઈ રાવ સહિત સામાજીક આગેવાનોએ કુંમ-કુંમ તિલક કરી વિદ્યાર્થીઓનું મોં મીઠું કરાવી પરીક્ષા ખંડમાં પ્રવેશ અપાવ્યો હતો.



**ધનસુરાના દોલપુર ગામે ગ્રામજનોએ રેલી કાઢી આતંકવાદનું પુતળાદહન કર્યુ**

ધનસુરાના દોલપુર ગામે ગ્રામજનોએ રેલી કાઢી આતંકવાદનું પુતળાદહન કર્યુ. લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો અને યુવાનો દ્વારા કેન્ડલમાર્ચ યોજાઈ અને આતંકવાદનું પુતળા દહન કરવામાં આવ્યું. જમ્મુ કાશ્મીરમાં દેશના વીર જવાનો ઉપર આતંકવાદીઓ દ્વારા હુમલો થયા બાદ સમગ્ર દેશમાં પાકિસ્તાન અને આતંકવાદ પ્રત્યે ગુસ્સો જોવા મળી રહ્યો છે. ત્યારે દોલપુરના ગ્રામજનોએ કેન્ડલ માર્ચ યોજી સાથે શહીદોને શ્રધાંજલિ આપવામાં આવી હતી. વીરજવાનો અમર રહોના નારા લગાવવામાં આવ્યા હતા સાથે આતંકવાદ અને પાકિસ્તાનના પુતળાનું દહન પણ કરવામાં આવ્યું હતું. જેમા સરપંચ, ડેપ્યુટી સરપંચ નટુભાઈ દેસાઈ, પુષ્પાબેન, ધવલભાઈ સહિત મોટી સંખ્યા ગ્રામજનો જોડાયા હતા.

# કરણપુર દૂધ મંડળીના સેક્રેટરીએ ૧૬.૪૧ લાખની ઉચાપત કરતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર તાલુકાના કરણપુર ગામે આવેલ દૂધ મંડળીના સેક્રેટરીએ એક વર્ષ અગાઉ અંદાજે રૂ. ૧૬.૪૧ લાખથી વધુની ઉચાપત કરી હોવાનું બહાર આવતા આ સેક્રેટરી વિરૂદ્ધ મંગળવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે કરણપુરના ગામના ધર્મદાસ પશાભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ કરણપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ગત તા. ૧-૪-૧૭થી તા. ૩૦-૯-૧૮ દરમ્યાન મંડળીમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા રતિલાલ દેવકરણભાઈ પટેલે પોતાની ફરજ દરમ્યાન દૂધ મંડળીની સીલક પૈકીના અંદાજે રૂ. ૧૬,૪૧,૮૭૩ ઉપાડી લઈ પોતાના અંગત કામમાં વાપરી નાંખ્યા હતા.

ત્યારબાદ આ સેક્રેટરીએ આજદિન સુધી ઉચાપત કરેલ રકમ દૂધ મંડળીના ખાતામાં જમા કરાવ્યા ન હતા. દરમ્યાન આ અંગે દૂધ મંડળીના હિસાબોનું ઓડીટ થતા તેમાં સેક્રેટરીએ કરેલી રૂ. ૧૬.૪૧ લાખથી વધુની ઉચાપત પરથી પડદો ચિરાયો હતો. ત્યારબાદ ધર્મદાસ પટેલે તત્કાલીન સેક્રેટરી રતિલાલ પટેલ વિરૂદ્ધ મંગળવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

**ધનસુરા હીરાપુર કંપા બસ સ્ટેન્ડ નજીક હિટ એન્ડ રનની ઘટના**

# બાઈક સાથે ઉભેલા ચાલકને કારે રોંગ સાઈડ જઈ ઠોકી દેતા મોત

મોડાસા-કપડવંજ હાઈવે પર ધનસુરા થી બાયડ રોડ પર હીરાપુર કંપાના બસ સ્ટેન્ડ નજીક ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ધનસુરા-બાયડ રાજ્યધોરી ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું અકસ્માત સર્જી ઈકો સ્પોર્ટનો ચાલક કાર ઘટનસ્થળે મૂકી ફરાર



બાઈક લઈ મિત્રની રાહ જોઈ ઉભો રહેલો બાઈક ચાલાક વિચિત્ર અકસ્માત નો ભોગ બન્યો હતો રોન્ગ સાઈડ ધસી આવેલા ઈકો સ્પોર્ટ્સ ગાડીના ચાલકે બસ સ્ટેન્ડ નજીક ઉભેલા બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

અકસ્માતના પગલે ધનસુરા પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવાનના મૃતદેહને પી.એમ માટે માર્ગ પર આવેલા હીરાપુર કંપા બસ-સ્ટેન્ડ નજીક અલવા ગામના ગોવિંદસિંહ પ્રતાપસિંહ ઝાલા નામનો યુવાન બાઈક લઈ મિત્રની રાહ જોઈ ઉભો હતો ઈકો સ્પોર્ટ્સ (ગાડી.નં-GJ 01 RD 4004) ના ચાલકે રોન્ગ સાઈડ પૂર ઝડપે ગફલતભરી રીતે હંકારી બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક ચાલક યુવાન ગોવીંદસિંહ પ્રતાપસિંહ ઝાલા નામનું થઈ ગયો હતો અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતની ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી મૃતકની લાશને પીએમ માટે ખસેડી દશરથસિંહ ભીમસિંહ ઝાલાની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર કાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજની ૧૯ હોટલ અને ગેસ્ટ હાઉસને ફાયર સેફ્ટી દ્વારા નોટિસ

પ્રાંતિજ, તા. ૨૦

તાજેતરમાં જ દિલ્હી ખાતે એક હોટલમાં આગ લાગવાથી ઘણા લોકોના મોત નિપજ્યા હતાં જેથી સાબરકાંઠાના પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ તમામ હોટલો ગેસ્ટહાઉસમાં નગરપાલિકાને ચેકિંગ હાથ ધરવાની સુચના રીજોયોનલ ફાયર ઓફિસર ગાંધીનગર સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ ગાંધીનગર દ્વારા સુચના અપાઇ હતી. જે અંતર્ગત પ્રાંતિજ તાલુકામાં આવેલ ૧૯ હોટલોમાં ફાયર સેફટી બાબતે બેદરકારી જણાઇ આવતાં પ્રાંતિજ નગરપાલિકા ફાયર સેફટી વિભાગ દ્વારા નોટીસ પાઠવવામાં આવી.

પ્રાંતિજ તાલુકાની હોટલો તથા ગેસ્ટહાઉસોમાં ગાંધીનગર રીજીયોનલ ફાયર ઓફીસર તથા ફાયર પ્રવેન્સન સર્વિસીસ દ્વારા અપાયેલ સુચના અન્વયે પ્રાંતિજ તાલુકામાં નગરપાલિકાના ચીફ ઓફિસર અને ફાયરબ્રિગેડ અધિકારી તથા મુકેશભાઇ પરમાર સહિત ફાયર ટીમ દ્વારા ફાયર સેફટી બાબતની તપાસ હાથ ધરી હતી. ઉંઘમાંથી જાગેલા તંત્ર દ્વારા તપાસ કરતાં પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ જેમાં ૧૯ જેટલી હોટલોમાં ગેસ્ટહાઉસોમાં ફાયર સેફટી બાબતે બેદરકારી જણાઇ આવી હતી. કેટલીક હોટલો કે ગેસ્ટહાઉસોમા ફાયર એન.ઓ.સી. લીધેલ ન હોય તેમની સામે કડક કાર્યવાહી કરવા માટે નોટીસ આપતાં હોટલ અને ગેસ્ટહાઉસના માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાંતિજ વિસ્તારમાં આવેલ હોટલોને નોટીસ પાઠવવામાં આવી છે. જેમાં મજરા ચોકડી ઉપર આવેલ વિનય મજરા ચોકડી, હોટલ વિનય ગેસ્ટહાઉસ, મજરા ચોકડી વિનય ગેસ્ટ હાઉસ, તાજપુરકુઇ કિસ્મત કાઠીયાવાડી, સનરાઇઝ રેસ્ટોરન્ટ કમાલપુર, હોટલ આર્શીવાદ વૃંદાવન દલપુર, હોટલ હાઇવે કાટવાડ પાટીયા, હોટલ તીરૂપતી સલાલ ચોકડી, હોટલ સુગન/ગેસ્ટ હાઉસ સલાલ ચોકડી, હોટલ સ્વર્ગ/ગેસ્ટ હાઉસ કાટવાડ પાટીયા, હોટલ હેરીટેજ પ્રાંતિજ, પ્રિયંકા ડાઇનીંગ હોલ પ્રાંતિજ ત્રણ રસ્તા, પંચરત્ન રેસ્ટોરન્ટ કમાલપુર તથા પંચરત્ન ગેસ્ટ હાઉસ કમાલપુર સહિતની હોટલોને નોટીસ પાઠવવામાં આવી છે અને આગળના દિવસોમાં કડકમાં કડક કાર્યવાહી હાથ ધરવામા આવશે. તો પંચરત્ન ગેસ્ટ હાઉસ માલિક દ્વારા તંત્રની મીલીભગતથી ફાયર સેફટી સહિતની નિયમોને નેવે મુકીને રાત દિવસ પૈસા કમાવાની લ્હાયમાં રજીસ્ટર એટરી બુકમાં એન્ટ્રી પણ લેવામાં આવતી નથી અને બતાવા પુરતી એન્ટ્રી કરવામાં આવે છે.

# ડીસા હાઈવે પર અકસ્માતમાં બાઈકચાલક યુવકનું મોત

ડીસા

બનાસકાંઠાના ડીસા હાઈવે પર વિશ્વકર્મા મંદિર નજીક ગતરોજ બાઈક ઉથલી પડતા સર્જાયેલ અકસ્માતમાં એક યુવકનું ઘટનાસ્થળે ઘસડાયું હતું.આ ઘટનામાં ડિવાઈડર સાથે ટકરાયેલા હિતેશ પ્રજાપતિને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું જ્યારે બાઈક પર



જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું જ્યારે બાઈક પર પાછળ બેઠેલ અન્ય એક ઈસમને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર માટે ખસેડાયો હતો. પાછળ બેઠેલ કાતરવા ગામના જીગર પરમારને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર અર્થે ખસેડાયો હતો.બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

ડીસા કોલેજમાં અભ્યાસ કરતો લાખણી તાલુકાના ચિત્રોડા ગામનો વીસ વર્ષીય યુવક હિતેશ પ્રજાપતિ ગતરોજ પોતાના મિત્રનું બાઈક લઈ અન્ય મિત્ર સાથે આખોલ ચાર રસ્તા તરફ જઈ રહ્યો હતો એ વખતે વિશ્વકર્મા મંદિર પાસે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ઉથલી પડેલું બાઈક દસ ફૂટ કરતાં વધુ બનાવની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહને ડીસાની સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.ડીસાની સિવિલ હોસ્પિટલમાં મૃતકના પરિવારજનોના કરુણ કલ્પાંતથી ભારેખમ માહોલ સર્જાઇ ગયો હતો.

# કડીના કરજીસણમાં પેટ્રોલ પંપના કર્મચારીને આંતરી ૧૧.૬૬ લાખની લૂંટ

મહેસાણા, તા. ૨૦

કડી તાલુકાના કરજીસણમા આવેલ એક પેટ્રોલ પંપના કર્મચારીને આંતરી તેની પાસેથી રૂ. ૧૧.૬૬ લાખની લુંટ કરી નાસી છૂટયા હતા. આ પંથકમાં લુંટની ઘટનાઓમાં વધારો થતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે.

કડી તાલુકાના કરજીસણમા આવેલ ઉમિયા પેટ્રોલ પંપના કર્મચારી રાજેશ ઉર્ફે રાજુ પટેલ આજે પોતાના મોટરસાઈકલ પર રૂ.૧૧,૬૬,૬૦૦ની રકમ એક થેલામાં મૂકી થોર નાગરિક બેન્કમાં ભરવા માટે જતા હતા. તે વખતે રસ્તામાં થોર નજીક કારમાં આવેલ ચાર અજાણ્યા શખ્સોએ તેને થોભાવીને રાજુના ચહેરા પર સ્પ્રે છાંટી હડસેલો મારી દીધો હતો. ત્યારબાદ રુપિયા ૧૧.૬૬ લાખની રોકડ રકમ ભરેલા થેલાની લુંટ કરી લૂંટારુ પલાયન થઈ ગયા હતા. આ ઘટના અંગે બાવલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે પોલીસે જિલ્લામાં નાકાબંધી કરી આરોપીઓનું પગેરું મેળવવા તજવીજ હાથ ધરી છે.



**શામળાજીમાં દ્વાદશ જ્યોર્તિલિંગ સમારોહ અંતર્ગત ઘ્રુષ્ણેશ્વર રથયાત્રાનો પ્રારંભ**

ઉજ્જૈનના મહાકાલેશ્વર ખાતે પ્રથમ જ્યોતિલિંગ સમારોહ યોજાયો હતો ત્યાર બાદ આ વર્ષે ગુજરાતના સોમનાથ ટ્રસ્ટ યજમાન બની દ્વિતીય દ્વાદશ જ્યોતિલિંગ સમારોહ યોજવાનું નક્કી કરાયું છે. તા.૨૩ થી ૨૫ દરમિયાન સોમનાથ ખાતે સાગરના સાનિધ્યમાં યોજાશે, જેમાં દેશના આસ્થા સમાન ૧૨ જ્યોર્તિલિંગના ટ્રસ્ટીઓ પૂજારીઓ દાતાઓ અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહેશે. સોમનાથ ખાતે યોજાનાર આ ધાર્મિક કાર્યક્રમ અંગે લોકજાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્યના ૩૩ જિલ્લાઓમાં શોભા યાત્રા યોજાઈ રહી છે. જે અંતર્ગત સોમવારે શામળાજી મંદિરમાંથી રથનો પ્રારંભ પૂજા અર્ચના સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરના મોતીપુરામાંથી મહીલાનો દોરો લૂંટાયો

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એક શૈક્ષણિક સંસ્થા આગળથી ૨૦ દિવસ અગાઉ એક મહીલાના ગળામાંથી અજાણ્યા બાઈક સવારોએ રૂ. ૪૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયાની ફરીયાદ મંગળવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે મોતીપુરા વિસ્તારમાં આવેલ એકલીંગજી સોસાયટીમાં રહેતા હિતેશકુમાર જયંતીલાલ પ્રજાપતિએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૧ ફેબ્રુઆરીના રોજ ઉમા વિદ્યાલય આગળથી પસાર થતા મહીલાના ગળામાંથી બે અજાણ્યા બાઈક સવારોએ આવીને રૂ. ૪૦ હજારની કિંમતના બે તોલા સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા. ત્યારબાદ તપાસ કરવા છતાં દોરાનો કોઈ પત્તો ન મળતા આખરે હિતેશભાઈ પ્રજાપતિએ અજાણ્યા બાઈક સવારો વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મોડાસાના કોલીખડ ગામે ભવાઈના કાર્યક્રમ દરમિયાન શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

અરવલ્લી જિલ્લામાં પુલવામામાં શહીદી વહોરનાર ૪૦ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પવાના કાર્યક્રમો અવિરત ચાલુ કોલીખડ માટે કુરબાની આપનારા આ જવાનોના આત્માની શાંતિ માટે તમામ જ્ઞાતિ, ધર્મના લોકો પ્રાર્થના કરીને અને દુઆ માંગીને શ્રદ્ધા સુમન હોય પણ ભવાઈ વેશ ભજવવાની પ્રાચીન સંસ્કૃતિને જીવંત રાખતા અને આજની પેઢીને તેનો અહેસાસ થાય તેવા ભવાઈવેશ ભજવાય ત્યારે



ગામે ભવાઈના કાર્યક્રમ દરમિયાન શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ રહી છે. ભારે આક્રોશ હોઈ દેશના જવાનોની શહીદીને યાદ કરી દેશ અર્પણ કરી રહ્યા છે. કોલીખડ ગામે ભવાઈના કાર્યક્રમ દરમિયાન શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી. ઈન્ટરનેટ માધ્યમો હાથવગા કોલીખડ ગામે તાક થઈયા...તાક થૈ...ના તાલે રંગલો-રંગલીના ખેલ સહિત ઐતિહાસિક અને ધાર્મિક નાટકો નિહાળવામાં રસ પડયો હતો.

# ખેડબ્રહ્મા આરડેકતા સાયન્સ કોલેજનું પરિણામ

હેમચંદાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પાટણ દ્વારા ડિસેમ્બર ૨૦૧૮મા લેવાયેલ બી.એસ.સી.ના



પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાનું જાહેર થયુ જેમાં યુનિવસરસિટીનું ૬૭ ટાકા પરિણામ સામે ખેડબ્રહ્મા ની આરડેકતા સાયન્સ કોલેજે ૯૨ ટાકા ઉજ્વળ પરીનમ મેળવેલ જેમાં કેમેસ્ટ્રીમાં પ્રથમ નંબરે ચૌધરી તેજસકુમાર ભુપેન્દ્રભાઈ, અને ચૌધરી દિશાબેન અશોકબાઈ, બીજા નંબરે પટેલ ભાર્ગવ મનુભાઈ અને ત્રીજા ક્રમે વસાવા કિનજલબેન જયંતીભાઈ આવેલ જ્યારે ગણિતમાં, પ્રથમ ક્રમે ચૌહાણ દર્શન ભરતભાઈ, બીજા ક્રમે ડોડિયાર નિરવ બાબુભાઈ અને ત્રીજા ક્રમે પટેલ તિતિક્ષા પ્રવીણભાઈ ઉત્તરીણ થયેલ તમામ વિદ્યાયર્થીઓને સંસ્થાએ અભિનંદન પાઠવ્યા હતા.

**જીતપુરમાં યોજાયેલ દ્વિતિય સમૂહ લગ્નોત્સવ**

# સમૂહલગ્નો રૂઢિગત પરંપરાઓને તિલાંજલિ આપી નવી કેડી કંડારવાના અવસર સમાન છે : મહંત ગણેશદાસજી મહારાજ

મોડાસા, તા. ૨૦

પ.પૂ. ૧૦૮ મહંત ગણેશદાસજી મહારાજે સમૂહલગ્ન પ્રથાને સંપન્ન વર્ગોની પણ સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે ત્યારે રબારી સમાજે સખી દાતાઓ અને સમાજના સહયોગથી યોજાયેલ સમૂહ લગ્ન પરંપરા રબારી સમાજને સમાજ સુધારા તરફ ચોકકસ લઈ જશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ગણેશદાસજીએ રબારી સમાજમાં મહત્તમ દિકરીઓ શિક્ષણ લેતી થાય એટલું જ નહીં સમાજના યુવક-યુવતિઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા સમૂચિત પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

આંબલિયારા પરગણા રબારી સમાજ વિકાસ મંડળ દ્વારા આયોજિત દ્વિતિય સમૂહ લગ્નોત્સવમાં સહભાગી બની નવદંપતિઓને સુખી દાંપત્ય જીવનના આર્શિવાદ પાઠવતાં વડવાળા મંદિર, ઝાકના પ.પૂ.૧૦૮ મહંત ગણેશદાસજી મહારાજે જણાવ્યું કે, આંબલિયારા પરગણાના રબારી સમાજના યુવાનો દ્વારા સુસંસ્કૃત અને ક્રાંતિકારી વિચારો સાથે સમાજ રચનાને જોડવાનો સાદગી અને સહકારભર્યો અભિગમ એટલે સમૂહ લગ્ન. સમાજમાં થતાં સમૂહ લગ્નોનું



આયોજન રૂઢિગત પરંપરાઓને તિલાંજલિ આપી નવી કેડી કંડારવાના અવસર સમાન છે. આંબલિયારા પરગણા રબારી સમાજ દ્વારા શરૂ કરાયેલ આ નવતર પહેલને તેમણે બિરદાવી નવયુગલોને સુખ, શાંતિ અને સમૃધ્ધિના આર્શિવાદ સાથે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

સમાજ સુધારણાની દિશાના નવતર અભિનવ પ્રયાસના ભાગરૂપે આંબલિયારા પરગણા રબારી સમાજ વિકાસ મંડળ દ્વારા અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના જીતપુર ગામે યોજાયેલ દ્વિતિય સમૂહ લગ્નોત્સવમાં ૧૪ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા હતા. નવ યુગલોએ બેટી બચાવો-બેટી પઢાવોના સંકલ્પ લીધા હતા. આ અવસરે આંબલીયારા પરગના રબારી સમાજ દ્વારા પુલવામાના વીર શહિદોને આર્થિક શ્રધ્ધાજલિ આપવામાં આવી હતી. સમૂહ લગ્નોત્સવમાં રબારી સમાજે રૂપિયા ૧૧ હજારનો ફાળો શહિદોના પરિવારો માટે એકત્ર કર્યો હતો.